# Gujarati Poetry

================

# શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

================

About Myself
Gujarati Haiku
My Hindi poems
Poetry Glossary
Essay on Poetry
My English Poe..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Muktak..
Gujarati Muktak..
Gujarati Muktak..

## ભૂલું કેમ એ ?

---

મુજ ઉર અમીને છલકાવતી,
તારી એ કોમળ નયન-ટીપકી;
તુજ મિલને ઉપન્યું ખૂબ સુખ તે,
ખૂબ આનંદ તે;
મધુર તારા વિયોગે યે
મમ ઉર ઘવાયું;
પ્રસન્નચિત્તે તે વધાવ્યું મેં;
સમય જાતાં અણજાણ્યાં
વિસરાયું તે.

કિંતુ તવ મધુર ભાલે ભીના
મુજ ઓષ્ઠ બે જે ઝૂક્યા;
અને હરપલ મુજ ઉરનાં
અમીઅશ્રુ જે ત્યહીં ઢળ્યાં;
મથું તો યે,ખૂબ પ્રયત્ને યે,
નહી ભૂલું; નહી ભુલાય તે.

---

## દીપક જ્યોત ઝલાયે

---

રાત એકાકી, હું ય એકાકી,
જીવન અધૂરું ભાસે;
આંખ છલકતી ઉર આંસુથી
દીપક જ્યોત ઝલાયે
પ્રિયે,દીપક જ્યોત ઝલાયે.

મન મૂરઝાયું,હ્રદય ઘવાયું,
પ્રેમળ એ પરિતાપે;
આજ મને એ ખૂબ સંતાપે,
આંખોમાં આંસુ ના માયે;
પ્રિયે, દીપક જ્યોત ઝલાયે.

હૈયામાં વસીને,દૂર ખસીને
દીધો તેં આતમતાપરે;
આંખો વહાવી,પણ તું ના આવી,
દૂર રહી મલકાયે;
પ્રિયે, દીપક જ્યોત ઝલાયે.

---

## હું તું એકજ

---

હું વૃંદાવન, હું છું કાશી;
હું પાણીપત,ને હું ઝાંસી;
હું જ બુદ્ધ ને હું જ ગાંધી;
હું જ શાંત હવાની આંધી.

ફૂલ પણ હું છું,આ માળા પણ હું;
પહેરી લઊં મારી ડોકે,જાણે હો તું.

હું કાગની કાકા ને કોયલની કૂકૂ;
ઋતુઓમાં વસંત કે પતઝડ તે હું;
આ પૂજનમાં હું ને ભક્તિ પણ હું;
સુદામો કે સુદર્શન શક્તિ પણ હું.

કહે હવે તું કોણ? ને કોણ છું હું?
તું મારામાં,તારામાં રહેતો તે હું.

---

હું જ સાજન ને હું જ છું સજની;
હું જ દિવાકર ને હું જ છું રજની;

ભાગ અહીંથી

---

સંતને પણ જે આપે છે સંતાપ;
પહોંચે તેને કોણ? કહો આપ.

સંતાનોને પણ જે કરાવે વિલાપ;
પહોંચે તેને કોણ? મારા બાપ.

ડગલે પગલે ખોટો હિસાબ;
તાળો કેમ મળે? છે જવાબ?

ભાગ પ્રવીણ,ભાગ,જલ્દી ભાગ,
પગે પડું,પ્રભુ,શું કરવું હવે?
હમણાં આવશે એ,ખેંચશે હાથ.
આવા જણથી રક્ષો દીનાનાથ.

---

**If you have any comments and observations on the a writings,I request you to address me at the follow email id:**

**pravinkshah@indiatimes.com**

**Shah Pravinchandra Kasturchand**